ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક:૩૭૮/૨૦૨૫૨૬

"ગુજરાત ગૌણ સેવા", વર્ગ–૩, Combined Competitive Examination (ગૃપ–A અને ગૃપ–B)

(વેબસાઈટ એડ્રેસ : https://gsssb.gujarat.gov.in)

જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૫૨૬, ગૃપ–A ની મુખ્ય લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની અગત્યની જાહેરાત

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જા.ક્ર. ૩૭૮/૨૦૨૫૨૬, ગુજરાત ગૌણ સેવા, વર્ગ–૩ (ગૃપ–A તથા ગૃપ–B) સંવર્ગની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (Gujarat Subordinate Services Class-III (Group-A and Group-B) Combined Competitive Examination) પૈકી **ગૃપ–A ની મુખ્ય પરીક્ષા નીચેની વિગતે યોજનાર છે.**

ગૃપ-A ની મુખ્ય પરીક્ષા					
Paper No	**Date**	**Subject**	**Marks**	**Duration**	**Time**
I	**28/11/2026**	**Gujarati Language Skill**	**100**	**3 Hours**	**09:00-12:00**
II	**28/11/2026**	**English Language Skill**	**100**	**3 Hours**	**15:00-18:00**
III	**29/11/2026**	**General Studies**	**150**	**3 Hours**	**15:00-18:00**

ઉક્ત સમયપત્રક મુજબ યોજાનાર મુખ્ય વર્ણનાત્મક પરીક્ષા માટેના પ્રવેશપત્ર (કોલ લેટર) તેમજ ઉમેદવારો માટેની સૂચનાઓ **તા.૨૩/૧૧/૨૦૨૬ના રોજ ૨૩:૦૦ કલાકથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી શકશે**.

૨. મંડળ દ્વારા આ પરીક્ષામાં ઉમેદવારોનું બાયોમેટ્રીક વેરીફીકેશન કરવામાં આવનાર હોય પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારોએ કોલ લેટરમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે કોલ લેટરમાં દર્શાવ્યા મુજબના રીપોર્ટીંગ સમયે હાજર થવાનું રહેશે. જો કોઈ ઉમેદવાર રીપોર્ટીંગ સમય બાદ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થશે તો તેઓને કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં, જેની સર્વે ઉમેદવારોને નોંધ લેવા વિનંતી.

૩. ઉકત પરીક્ષા માટેના પ્રવેશપત્ર (કોલ લેટર) પરીક્ષા શરૂ થવાની તારીખ એટલે કે **તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં ડાઉનલોડ કરી લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.** પ્રવેશપત્ર (કોલલેટર) વિના ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ માટે પ્રવેશપત્ર (કોલલેટર) અને ઉમેદવારનું અસલ ઓળખપત્ર (આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, ચૂંટણી ઓળખકાર્ડ પૈકી એક) સાથે રાખવું ફરજીયાત છે.

૪. આ પરીક્ષામાં પ્રશ્નપત્ર અને ઉત્તરવહી એક જ બુકલેટમાં છે. દરેક પ્રશ્નની નીચે રાખેલ નિયત જગ્યામાં ઉમેદવારે પ્રશ્નનો નિયત શબ્દ મર્યાદામાં સચોટ અને મુદ્દાસર ઉત્તર લખવાનો રહેશે. પરીક્ષામાં ઉમેદવારોને અલગથી પુરવણી આપવામાં આવશે નહી. પ્રશ્નોના જવાબો લખવાનું શરૂ કરતાં પહેલા દરેક ઉમેદવારને આપવામાં આવેલ પ્રશ્નપત્ર અને જવાબવહી (બુકલેટ)ને ચકાસીને તેમાં કોઇ પ્રિન્ટીંગ મિસ્ટેક કે ક્ષતિયુક્ત પ્રશ્નપત્ર અને જવાબવહી (બુકલેટ) નથી તેની ખાતરી કરી લેવાની રહેશે. કોઇ સંજોગોમાં પ્રશ્નપત્ર અને જવાબવહી (બુકલેટ)માં ક્ષતિ કે પ્રિન્ટીંગ મિસ્ટેક જણાય તો શરૂઆતમાં જ ઇન્વીજીલેટરને જાણ કરી નવું પ્રશ્નપત્ર અને જવાબવહી (બુકલેટ) મેળવી લેવાનું રહેશે.

૫. સંબંધિત ઉમેદવારોએ સદર પરીક્ષાના ઓનલાઇન પ્રવેશપત્ર–કોલ લેટર ડાઉનલોડ કરીને તેની ફિઝીકલ પ્રિન્ટ આઉટ લઈને પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષાના દિવસે અને સમયે પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક હાજર રહેવાનું રહેશે તથા કોલ લેટરમાં દર્શાવેલ ઉમેદવાર માટેની સૂચનાઓ અવશ્ય વાંચીને તેનો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.

૬. ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલલેટર તથા સુચનાઓની વિગતો પરીક્ષા સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચવી.

પ્રવેશપત્ર (કોલલેટર) Online ડાઉનલોડ કરવા માટેની સૂચના:–

- પ્રથમ કોમ્પ્યુટરમાં https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જવુ.
- Call letter/Preference ટેબમાં Secondary/Mains Exam Call letter/ Preference પર ક્લિક કરવું. ત્યાર બાદ Select Job ના ડ્રોપ ડાઉન મેનુમાં ક્લિક કરીને GSSSB/202526/378- Combined Competitive Examination, Group-A Mains Exam પર ક્લિક કરવું.
- ત્યારબાદ નિયત બોક્ષમાં "Confirmation Number" તથા "Birth Date" (dd/mm/yyyy પ્રમાણે) ટાઇપ કરીને આપેલ Captcha ટાઇપ કરી Ok પર ક્લિક કરવું.
- Print Call Letter પર "Click" કરવાથી અલગ Window માં આપનો Call Letter (પ્રવેશપત્ર) સ્ક્રીન પર દેખાશે. જે Call Letter તથા તે સાથેની સૂચનાઓની પ્રીન્ટ મેળવી લેવાની રહેશે.(કોલ લેટર નવી વિન્ડોમાં ખોલવા માટે Pop up Blocker Off કરવું જરૂરી છે).

ઓનલાઇન કોલલેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઇ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળના હેલ્પલાઇન ફોન નં. ૦૭૯–૨૩૨૫૮૯૧૬ અથવા રૂબરૂ કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે.

તારીખ: ૨૩/૧૧/૨૦૨૬ **સચિવ**

સ્થળ: ગાંધીનગર **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**